વાંચી વાકેફ થાઓ

સ્તવનો તથા ચૈત્યવંદનોની વિધિ સહિત.

સોમાદેવનું વર્ણન.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી લઘુ જૈન પ્રવર્તક સભાના મેમ્બર.

શા. મોહનલાલ જેઠાભાઈ કોડવાળા.

અમદાવાદ.

ઢાળની પોળમાં શેઠ. કેશવલાલ ખુશાલદાસના

મકાનમાં "ચન્દ્રોદય" પ્રેસમાં છાપ્યું.

ઈ૦ સ૦ ૧૮૯૯—સંવત ૧૯૫૫

કીમત એક આનો.

मातरना साचा देवनुं वर्णन तथा स्तवनो.

સુમતીનાથની પ્રાર્થના.

રાગ કલ્યાણ.

છે સુભંકરા પ્રભુ સાચરે સદા,
તું નીવારે જૈનીઓની સર્વ આપદા; ટેક.
પ્રીતે હું પ્રણામ કરીને માગુ સ્વામી આજ;
આ જગમાં આધાર તમારો રાખો મારી લાજ છે સુભં.
કોટી જનનાં કષ્ટજ કાપો આપો સૌને સુખ;
દયા કરીને દેહ તણાં સૌ દુર કરો છો દુખ. છે સુભંકરા.
સાચા દેવ થયા છો જગમાં સત્ય દિસે અપાર,
શરણે આવે સુખની આશે કો નરને કો નાર. છે સુભંકરા.
ચમત્કાર કેવા કીધા છે કોટી જનનાં કામ;
સત્ય ઘણું ચાલે તે કારણ રાખ્યા તેજ નામ. છે સુભંકરા.
સુંજ મહીથી પ્રગટ થઈને આવ્યા માતર ગામ,
દેરાસર બંધાયું રુડું કસર ન રાખી કાંય. છે સુભંકરા.
દુખીયા કેરા દુખજ ટાળ્યાં માને સર્વે લોક,
શરણે આવે સુખ સાંપડે ટળે સર્વના શોક. છે સુભંકરા.

એવા સુમતિનાથ સદરહુ શરણે રહુ કરજોડ.
[illegible] કરો મુજ દોષ સમુળા હોયે ખાપણુ ખોડ. છે સુભંકરા.
અર્થ પુતી વિસ્તારૂ આજે આપતણી ઉત્પન્ન,
માટે તેમાં સહાય થજો, સાચાદેવ મહારાજ. છે સુભંકરા•

સુમતિનાથની ઉત્પત્તિ.

અહો ! જૈની ભાઇઓ !! સુમતિનાથની ઉત્પત્તિ વિષેનો હેવાલ ખરેખર સર્વના મનને આશ્ચર્ય આપે તેવો છે, અને તે સાંભળવાથી આપણા મનને અચંબો થાય છે તે અવર્ણ્ય છે. તેથી આપણા મનને પુરેપુરો વિશ્વાસ એકા વિના રહેતોજ નથી, અને નિશ્ચય થાય છે કે ખરેખર આજ સાચા દેવ આ જગતમાં સુમતિનાથજ છે, તેવા હજારો દાખલા લોકોના અંતરમાં રમી રહેલા છે. અને જેમ મનુષ્યે કંઇ પણ કામને માટે એ સાચાદેવ એટલે સુમતિનાથની માનતા માની હોય તો ગમે તેવું કામ હોય તો પણ તે ત્રતકાળ થયા વિના રહેતુંજ નથી તેથીજ આપણા ગુજરાતમાં સાચાદેવ પોતાના પરાક્રમથી સર્વે સ્થળે જાણીતા થઇ પડયા છે.

હવે તે કેવી રીતે ઉત્પન્ન થયા તે માટે આપણે બે બોલ બોલીયે તો આપણને એમજ લાગશે કે ખરેખર જગતમાં સાચાદેવ તો આજ હશે !!

ખેડા જીલ્લાના નડીઆદ તાલુકામાં આવેલા મહુધા

ગામની નજીકમાં સુંહુજ નામે પુરાતની ગામ છે. ગામની શોભામાં વધારે કહેવા લાયક કંઈ નથી, પણ તે ગામનો મુળ રહેવાશી કોઈ બારોટ હતો, અને તેને એક પોતાના ઘરની નજીકમાં વિશાળ વાડો હતો. તે વાડામાં બારોટના પૂર્વના પુન્ય વડે કરીને પાંચમાં સુમતિનાથ આપો આપ પ્રગટ થયા. આ વાડામાં આ પાંચમા સુમતિનાથ જમીનની અંદર ક્યારના અને કઈ વખતના સ્થાપીત થયા હશે, તેનો પુરેપુરો પત્તો હજુ સુધી કોઇને માલુમ પડયો નથી, પણ તે આ જગતને પાવન કરવાને અર્થે અને સર્વે જૈન બંધુઓને દર્શન દેવાને અર્થે બહાર પધાર્યા ત્યારનો સર્વે વૃત્તાંત મનુષ્યોના જાણવામાં છે, અને તેજ વૃત્તાંત અમે પુરેપુરો આ અમારા નાનકડા પુસ્તકમાં પ્રગટ કરીયે છીએ.

પ્રભુજીને બહાર પધારવાની મરજી થઈ તે વેળાએ ગામ માતરના રેહેવાશી શા. જીવરાજ સુંદરજી, તથા શા. દેવચંદ વેલજી તથા શા. નથુ ગાંધી આ ત્રણે જણાને પુર્વ ભાગ્ય વડે કરીને સ્વપ્ન થયું કે અમો સુંહુજગામમાં બારોટના વાડામાંથી મને બહાર કાડો. આવું સ્વપ્ન આ ત્રણે ભાગ્યશાળીઓને થયું, અને જેવું આ ત્રણે જણને સ્વપ્ન થયું તેવુંજ જેના વાડામાં આ પ્રભુજી હતા તે બારોટને પણ અજાએબ જેવા તેમજ વિધ વિધ પ્રકારના ચમત્કારો આપવા માંડયા. રોજ રોજ નવા નવા દાખલાઓ પોતાની નજરે પડે તેમ પોતાના વાડામાં થવા લાગ્યા. આ-

ણું જોઇને બારોટના મનમાં ઇશ્વરી ચમત્કાર છે તેમ લાગ્યું, અને આ જમીન ખોદી જોવાથી માલુમ પડશે તેમ ધારીને પોતે આશરેથી પોતાના વાડામાં ખોદવા માંડયું, અને થોડુંક ખોદયું એટલે સાક્ષાત પાંચમા સુમતિનાથજી મહારાજની તેમજ બીજી બે પ્રતિમાઓ આબેહુબ અને દર્શન કરવા યોગ્ય ત્રતકાળ નીકળી. ખોદનારા પ્રતિમાઓ જોઇને આશ્ચર્ય પામ્યા, અને ભાવ સહીત આ પ્રતિમાઓનાં દર્શન કર્યાં. ધીરે ધીરે ગામમાં આ શુભ વાતનો ફેલાવો થયો અને ચમત્કારીક વાત સાંભળીને સર્વે લોકો નાના બાળકોથી વૃદ્ધ ડોસા સુદ્ધાં આ મહાપ્રભુનાં દર્શનનો લાભ લેવા એકાએક ટોળે થયા. જે વખતે મહાપ્રભુ આ જમીન ઉપર પધાર્યા તે વેળાએ પોતાના પવિત્ર અંગને વિષે માટી વીગેરે ભરાઇ રહી હતી તેમજ પ્રતિમા તે માટીને લીધે કંઇક ઝાંખી છતાં પણ ચમત્કારીક અને તેજસ્વી માલુમ પડતી હતી. આ વખતે સર્વે લોકોએ ગાયનું દુધ તથા નિર્મળ પાણી મંગાવીને તે પ્રતિમાઓને વિધી સહીત સ્નાન કરાવ્યું તો આબેહુબ ચંદ્ર સમાન તેજસ્વી સુમતીનાથની પ્રતિમા અને બીજી બે સાથેની પ્રતિમાઓ જણાઇ. આ પ્રભુજી પોતાનાજ વાડામાંથી ઉત્પન્ન થયા છે અને હવે પછી પોતાનાજ ઘરમાં રહેશે એમ માની બારોટના હર્ષનો પાર રહ્યો નહી. પોતાના ઘરની મધ્યે થોડી જગ્યા પવિત્ર કરી ગાયના છાણ વડે લીંપીને સુદ્ધ કરીને લાકડાના બાજઠ ઉપર પધરાવીને

મંત્ર વીધીથી પુજન કીધુ. આ વાતની ખુશ ખબર ધીરે ધીરે આશ પાશના ગામોમાં ફેલાઈ અને છેવટે આખા ગુજરાતમાં વ્યાપી ગઈ. જેમ જેમ લોકોને માલુમ પડવા લાગ્યું તેમ તેમ મહા પ્રભુનાં દર્શન કરવા સારૂ નાનેથી મોટા સુધી સર્વે લોક સુંજમાં ભેળા થવા લાગ્યા. આ લોકોમાં ઘણો ભાગ જૈનનો હતો, અને તેઓ સર્વે આ મહાપ્રભુ સુમતીનાથને પોતાને ગામ લઈ જવાનો મત દર્શાવા લાગ્યા. આપણે આગળ કહ્યું છે કે માતર ગામના ત્રણ જણાને સુમતિનાથ પ્રભુજીએ સ્વપ્ન આપીને કહ્યું હતું કે અમારે તમારા ગામમાં આવવુંછે તે પણ ત્રણે જણા આ વેળાએ આવેલા હતા. સર્વે લોકો પોતાનો મત કરીને પોતાને ગામ લઈ જવા ધારતા હતા, પણ છેવટે એમ ઠર્યું કે જ્યાં પ્રભુજીનો હુકમ હોય ત્યાંજ લઈ જવા. એમ ધારીને સર્વે ગામના લોકો એકઠા થઈને ચીઠીઓ નાંખી. જેની ચીઠીઓ આવી તે લોકો નાહી ધોઈ સ્વચ્છ થઈને પ્રતિમાને ઉપાડવા ગયા. માતરના ત્રણે જણ વિશ્વાસથી બેસી રહ્યા હતા. જે લોકો પ્રભુજીને ઉપાડવા ગયા પણ તે ઉપડ્યા નહી. ઘણા લોકો ભેળા થઈને એક જોરથી ઉપાડવા લાગ્યા પણ હજારો મણ ભાર હોય તેમ કોઈથી પણ ઊપડ્યા નહીં.

છેવટે માતરના લોકો સર્વે જણાની પાસે આવીને નમ્રતાથી કહેવા લાગ્યા કે હવે જો પંચની ખુશી હોય તો

અમે નહી ધોઇને આ પ્રતિમાજીને ઉપાડીએ અને જો અમારાં પુરણું ભાગ્ય હોય તો અમારાથી ઉપડે અને અમારા ગામમાં પધારે. સર્વે લોકોએ રજા આપી એ ને નાહી ધોઇને સ્વચ્છ થઇને ત્રણે જણ પ્રતિમા પાસે ગયા સર્વે લોકો હસવા લાગ્યા કે અમો ઘણા માણસો મળીને પ્રતિમા ઉપાડતા હતા તો પણ ઉપડી નહી અને આ ત્રણ જણ ઉપાડવા આવ્યા છે એટલે તુરત પ્રભુજી તેમનાથી ઉપડીને માતર ગામમાં જશે? આવી રીતે સર્વે મશ્કરીઓ કરવા લાગ્યા. તો પણ આ ત્રણે ભાગ્યશાળી જૈન ભાઇઓને બિલકુલ ખોટુ લાગ્યુ નહી. અને પ્રતિમા પાસે આવીને નમ્રતાપુર્વક પ્રાર્થના કરવા લાગ્યા. અને ફક્ત એ ત્રણ જણજ પ્રતિમાને ઉપાડવા ગયા કે તુરતજ ફુલના દડા જેટલો ભાર જણાયો અને ઉપાડયા ત્રણે જણાએ ગાડામાં આસન નાંખી પધરાવ્યા કે ગાડુ એનો મેળેજ માતર ગામ તરફ વળીને ચાલવા લાગ્યું, અને થોડે દુર જઇને ઉભુ રહ્યું. પછી ગાડાને બળદ જોડીને માતર તરફ ચાલતું કીધું અને સર્વે લોકોને એમ નકી થયું કે મહાપ્રભુને ગામ માતર જવાની મરજી છે એમ ધારી સર્વે લોકો સાથે ગયા. ઉપર જણાવેલા ત્રણે માણસો પ્રતીમાજીની આશપાસ ચાલતા હતા, અને મનમાં મહા પ્રભુ સુમતીનાથનું ધ્યાન ધરતાં ધીરે ધીરે ચાલતા હતા. હજારો લોકોની ઠઠ આ વરઘોડામાં મળી હતી, તેમજ ઉત્તમ વાજીંત્રોનો સબળો નાદ આપણા કાનને આનંદ ઉપ-

જાવે તેવો અમરાપુરીના આભાસ જેવો સંભળાતો હતો, વળી જૈનબંધુઓના મોઢેથી ગવાતાં સ્તવનો પણ આપણા જીવને ખુશ કરે તેટલા મધુર સ્વરથી ગવાતા હતાં, ચારે ગામના લોકો મહાપ્રભુને પુષ્પની વૃષ્ટી કરી વધાવી લેતા હતા તેમજ ચોખા અક્ષત નાંખતા. પછવાડે હજારો બૈરાંઓનાં ટોળાં મધુર રાગથી પ્રભુજીનાં સ્તવનો ગાતાં ગાતાં ધીરે ધીરે આવતાં હતાં. આવું જોઈને સર્વેના મનમાં મોટો હર્ષ વ્યાપી રહ્યો હતો. આવી રીતે સર્વ લોકો આનંદમાં હતા. પરંતુ બારોટના મનમાં દીલગીરી ઉત્પન્ન થતી હતી કારણકે પોતાને ઘેરથી પ્રતિમા બીજે લઈ જવા લાગ્યા, પણ પ્રભુજીની મરજી એમજ હશે એમ ધારીને પોતાના મનને શાંત કરીને બેઠો. સર્વે લોકો બારોટને સાબાશી આપવા લાગ્યા. અને રૂ ૫૦) નો બારોટને શીરપાવ આપીને ખુશી કર્યો ધન્ય છે એ બારોટને કે તુરતજ તે પ્રતીમાને માતરમાં લઈજવાને માટે રજા આપી. સર્વે લોકો ચાલતા થયા અને માતરની નજીકમાં નદી સુધી આવી પહોંચ્યા, અને જુવેછે તો નદીમાં ભરપુર પુર આવેલું હતું તેથી સર્વે લોકો વીચાર કરતા હતા કે હવે આ પુરમાં મહા પ્રભુને શી રીતે લઈ જવા, એમ મનમાં સોચના કરતા હતા એટલામાં ગાડીવાને નદી તરફ ગાડું હાંક્યું. કારણ કે બીજા સંઘના સઘળા લોકો નદીમાંના પુરને દેખતા હતા પણ તે ગાડીવાન આ પુરને દેખતો નહોતો. સઘળા લોકો

ના ના કહેતા હતા તેટલામાં ગાડીવાને ગાડું નદીમાં હાંક્યું અને એક પળવારમાં ગાડુ સહીસલામત નદીની પેલી તીરે પહોચ્યું. આવું જોઇને સર્વે લોકોના મનમાં આશ્ચર્યની બાકી રહી નહીં, અને આવું જોઈ મુઢ જેવા બની ગયા કે શું!! જેમાં એક માણસની પણ હીંમત ચાલે નહીં તેવુ આખુ ગાડુ બળદ સાથે સહી સલામત પાર ઉતરી ગયું, એ કંઇ ઓછી આશ્ચર્યની વાત નથી, આવું અદભુત કૃત્ય જોઇને સર્વે મનુષ્યોને અનેક તરેહના આ પ્રભુને વિષે વિચારો ઉત્પન્ન થયા, અને આજ સાક્ષાત પ્રભુજી છે તેવું સિદ્ધ થયું, અને તેથી તેમનું નામ સાચા દેવ પાડયું, તે આજ દીન સુધી પણ તેજ નામથી સર્વે લોકો માને છે. હવે સર્વે લોકો મહારાજને માતરમાં લઇ ગયા અને પરોણા દાખલ એક ઓરડીમાં બાજઠ ઉપર પધરાવ્યા. આ સાચા દેવની ગામે ગામ પ્રતીષ્ટા ચાલી અને ઘણા માણસો દર્શન કરવાને આવવા લાગ્યા. પછી સંવત ૧૮૫૨ની સાલમાં મુળનાયકનું ત્રણ શીખરનું સુંદીર દેરાસર ઘણા લોકોની મદદથી બંધાયું, અને મહારાજની પ્રતિષ્ટા સંવત ૧૮૫૨ માં પુરી થઇ આ દેરાસર ઘણું નાનું હતું તેથી જેમ જેમ ઉપજમાં વધારો થતો ગયો ત્યારે સર્વે લોકોએ વીચાર કર્યો કે આપણે સાચાદેવનું મોટુ દેરાસર બંધાવવું. અને મહારાજની કૃપાથી આ દેરાસરનુ કામ સરૂ કરયું. અને સંવત ૧૮૯૭ ના મહા સુદી ૫ ને રોજ ભમતીની પ્રતીષ્ટા કરવામાં આવી ભમતીની બાવન જ-

નલાની પ્રતિમાઓ શ્રી પાળીતાણેથી ભાવીકભક્તો પોતાની મેળે લઇ આવ્યા. અને માતરમાં લાવી તેની પધરામણી કરી, અને દેશ દેશાવરના જૈન ગ્રહસ્થોને કંકોતરીઓ લખી. આ અપાર પુન્યના કામમાં આગેવાન શા. હુકમચંદ નેમચંદ તથા શા. અનોપમ જાદવજી હતા, અને તેમણે પોતે ઘણીજ તસ્દી લેઇને આ કામમાં બનતી મદદ કરી. આ મહાન જાત્રામાં મહારાજના દર્શન કરવાને ઘણા માણુસો એકઠા થયા હતા. તેબજ દુર દેશાવરના આવક ગ્રહસ્થો આવ્યા હતા, તેની ગણત્રી કરવી પણ મહા મુસ્કેલ થઈ પડે, પણ અનુમાનથી કહી શકાય છે કે તે વેળાએ સર્વે લોકો મળીને ૩૦—૪૦ હજાર સુધી હશે. આ સર્વે જાત્રાળુ લોકોને માટે માતરના મહાજન તરફથી સારીં ગોઠવણ કરી હતી કે આવેલા કોઈ પણ માણુસને એટલે ગરીબ કે તવંગર સુધી કોઇને કાંઇ પણ બાબતની અડચણ પડે નહી તેવી ગોઠવણ રાખી હતી. અને તેટલા સર્વે લોકોની નોકારસી શેઠ હઠીભાઈ કેશરીસંગે એક તથા બીજી માતરના શેઠ અનોપચંદ જાદવજીએ કરી. આવા મહાન કામમાં પોતાના ધર્મ પ્રમાણે હજારો રૂપીયા ખરચીને પુન્ય તથા જસ લીધો. અને સંઘમાં આવેલા સર્વે જૈની ભાઈઓને ત્રપ્ત કીધા તેથી તેમની નામના ઘણા દુર સુધી ચાલી. માતરના મહાજનોએ પણ ઘણીજ મેહેનત લઇને સંઘમાં જાત્રા અર્થે આવેલા તમામ માણુસોની સંપુર્ણ બરદાશ કરી અને કોઇને પણ અડચણ પડવા દીધી

નહી, ધન્યછે આવા પુરૂષોને કે આવાં આવાં ધર્મનાં, કરી ને હજારો દામ ખર્ચીને જશ લેવા ઇચ્છેછે આ મહારાજનું શીખર સંવત ૧૯૩૮ ની સાલમાં દૈવયોગથી પડી ગયું, તેમજ તેમાંના અખંડ દીવાનો નાશ થયો આ જોઇ સર્વે લોકોને ઘણો ભય પ્રગટ થયો પણ પ્રભુની ઇચ્છા સમજીને બંધ રહ્યા હવે એ પડી ગએલું શિખર આ સાલમાં બંધાવા માંડયું છે તેમજ ધજાગરો ચડાવ્યો તેનું શુભ મુહુરત સંવત ૧૯૪૫ ના જેઠ વદી ૧૦ ના રોજનું છે. અને આ કામમાં મદદ કરવાને અમદાવાદથી શા. લલુભાઇ સુરચંદ તથા મગનલાલ સરૂપચંદ ગયા છે અને પોતે તસ્દી લેઈ આ શુભ કામમાં અપાર મેહેનત કરે છે.

વળી જૈનભાઈઓને ઉતરવાને માટે અમદાવાદના શેઠ. મગનભાઈ કરમચંદે વીશાળ ધર્મશાળા કરાવીછે તેમજ બીજી શેઠ. હઠીભાઈ કેશરીસંગે પણ ધર્મશાળા પુન્યને માટે કરાવીછે આવા આવા સદગ્રહસ્થોએ સાચાદેવની સમીપે પુન્યના કામ કરવામાં અતી ઉમંગ રાખેછે. વળી આ વખતે પણ દેરાસરનું શીખર ચડાવતાં તેમજ ધજાગરો ચડાવતાં, અને એકંદર દેરાસરનું ખર્ચ આશરે રૂપીઆ ચાર લાખનું થશે. આવું મોટું ખરચ કરીને પણ જૈનીભાઇઓ પોતાના ધર્મના કામમાં સર્વદા મસ્હુર રહેછે તે જોઈ અમોને ઘણાજ સંતોષ થાયછે. શ્રી જૈનજયોસ્તુ૦

बावनबोल सुमतीनाथना.

૧	તીર્થંકરનું નામ	સુમતીનાથ
૨	ચવણ તીથી	શ્રાવણ શુદ ૨
૩	વીમાન નામ ક્યા વીમાનનું નામ.	જયંત વીમાન
૪	જન્મ નગરી.	અયોધ્યા
૫	જન્મ તીથી	વૈશાખ સુદ ૮
૬	પીતાજીનું નામ	મેઘરાજા
૭	માતાજીનું નામ.	મંગળા
૮	જન્મ નક્ષત્ર.	મઘા
૯	જન્મરાશી	સીંહ
૧૦	લંછનનું નામ.	ક્રાચબા પક્ષી
૧૧	શરીર માન ઉંચું.	૩૦૦ ધનુશ
૧૨	આયુષ	૪૦ લાખ પુરવ
૧૩	શરીરનુ વર્ણ	સુવર્ણવર્ણ
૧૪	પદવી રાજની	રાજા
૧૫	પાણી ગ્રહણ	પરણ્યા.
૧૬	કેટલા માણસો સાથે દીક્ષા	૧૦૦૦ સાધુ
૧૭	દીક્ષા નગરી.	અયોધ્યા
૧૮	દીક્ષા દીનેડતપ.	નીત્ય ભક્ત.
૧૯	પ્રથમપારણેશોઆહારમળ્યો	ક્ષીર
૨૦	પ્રથમ પારણાનુ ઘર	પદ્મઘરે

२१	केटला दिवसनु पारणु	२ दिवशे
२२	दीक्षानी तीथी	वईशाख शुद ५
२३	छद्‌मस्थपणानुं	बीश वर्ष
२४	कई नगरीमां केवळज्ञान प्राप्त थयु.	अयोध्या.
२५	ज्ञानोपति दीवशे कयो तप	बे उपवास
२६	कया झाडनीचे दीक्षा लीधी	साळ वृक्ष
२७	कई तीथीमां ज्ञान उत्पन थयु.	चैतर शुद ११
२८	गणधरोनी संख्या	१००
२९	साधुओनी संख्या.	३२००००
३०	साधवीओनी संख्या.	५३००००
३१	वैक्रीय लब्धीवंतोनी संख्या	१८४००
३२	अवधीज्ञानीओनीसंख्या	११०००
३३	केवळज्ञानीओनी संख्या	१३०००
३४	मन पर्यवज्ञानीयोनी संख्या	१०४५०
३५	चौद पुरवधारीयोनी संख्या	२४००
३६	वादीयोनी संख्या.	१०४००
३७	श्रावकोनी संख्या	२८१०००
३८	श्रावीकानी संख्या.	५१६०००
३९	सासनना यक्षनुं नाम	तुंबरु यक्ष
४०	सासननी यक्षणीनुं नाम	महाकाळी
४१	प्रथम गणधरनुं नाम	चरम
४२	प्रथम आर्यानुं नाम	काश्यप
४३	मोक्ष थवानुं स्थानक	समेत शीखर

૪૪	મોક્ષે જવાની તીથી.	ચૈત્ર સુદ ૯
૪૫	મોક્ષને દીવશે તપ	એક માસ
૪૬	મોક્ષે જવાનું આસન	કાયોત્સર્ગ
૪૭	પરસ્પર અંતરમાન.	૯૦ હજાર કોડી સાગરોપમ
૪૮	ગણનામ	રાક્ષસગણ
૪૯	યોનીનું નામ	મુશકયોની.
૫૦	મોક્ષ પરિવાર	૧૦૦૦
૫૧	સમકીત થયા પછી કેટલા મોટા ભવ.	ત્રણ ભવ કરયા
૫૨	કયા કુળમાં ઉત્પન થયા.	ઇક્ષાંગકુળ
૫૩	ગર્ભવાસ કેટલા માસને કેટલા દીવસ.	નવમાસને ૭દીવસ

चैत्यवंदन करवानी विधि.

પ્રથમ ત્રણ ખમાસમણાં દેઇને પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં, ઇચ્છં.

૧ ચૈત્યવંદન.

વીમલ કેવલ ગ્યાન કમળા ।। કલીત ત્રીભુવન હીત કરં ।। સુરરાજ સંસ્તુત ચરણ પંકજ ।। નમોં આદી જીનેશ્વરં ।। ૧ ।। વીમલ ગીરીવર શ્રૃંગ મંડણ ।। પ્રવર ગુણગ-

ણુ સુખરં ॥ સુર અસુર કીંનર કોડી સેવીત ॥ નમો ના ૨ ॥ કરતી નાટીક કીંનરી ગણુ ॥ ગાય જીનગુણુ મનહરં ॥ નીરજરા વળી નમે અહનીશ ॥ નમો૦ ॥ ૩ ॥ પુંડરીક ગણુપતી સિદ્ધી સાધી ॥ કોડી પણુ મુની મનહરં ॥ શ્રી વીમલ ગીરીવર શ્રંગસિદ્ધા ॥ નમો૦ ॥ ૪ ॥ નીજ સાધ્ય સાધન સુર મુનીવર ॥ કોડીનંત એ ગીરીવરં ॥ મુગતી રમણી વર્યા રંગે ॥ નમો૦ ॥ ૫ ॥ પાતાલ નર સુરલોક માંહી ॥ વીમલ ગીરીવર તોપરં ॥ નહી અધિક તીરથ તીરથપતી કહે ॥ નમો૦ ॥ ૬ ॥ એમ વીમલ ગીરીવર સીખરમંડણુ દુખવીહંડણુ ધ્યાઇએ ॥ નીજસુદ્ધ સત્તા સાધનાર્થ ॥ પરમ જ્યોતીને પાઇએ ॥ જીત મોહ કોહ વીછોહ નીંદ્રા ॥ પરમ પદસ્થીત જયકરં ॥ ગીરીરાજ સેવા કરણુ તત્પર ॥ પદ્મવિજય સુહીત કરં ॥ ૭ ॥ ઇતિ ચૈતવંદન ॥ ૧ ॥

૨ ચૈત્યવંદન.

આજદેવ અરીહંત નમું ॥ સમરું તારૂ નામ ॥ જ્યાં જ્યાં પ્રતીમા જીનતણી ॥ ત્યાં ત્યાં કરૂં પ્રણામ ॥૧॥ શેત્રુંજે શ્રીઆદીદેવ ॥ નેમ નમું ગીરનાર ॥ તારંગે શ્રી અજીતનાથ ॥ આબુ રીખવ જુહાર ॥૨॥ અષ્ટાપદ ગીરી ઉપરે ॥ જીનચોવીસી જોડ ॥ મણીમય મુરત માનસું ॥ ભરતે ભરાવી સોય ॥૩॥ સમેત સીખર તીરથ વડો ॥ જ્યાં વિસે જીન પાય ॥ વૈભારગીરી ઉપરે ॥ શ્રી વીર જીનેશર રાય ॥૪॥ માંડવગઢનો રાજીઓ ॥ નામે દેવ સુપાસ ॥ રીખ

વ કહે જીન સમરતાં ॥ પહોંચે મનની આશ ॥૫॥ ઇતિ ચૈતવંદન ॥૨॥

જંકિંચિ.

જંકિંચિનામતિથ્થં ॥ સગ્ગેપાયાલિમાણુસેલોએ ॥ જાઇંજિણબિંબાઇં ॥ તાઇંસવ્વાઇંવંદામિ ॥

નમુથ્થુણં.

નમુથ્થુણંઅરિહંતાણં ॥ ભગવંતાણં આઇગરાણં ॥ તિથ્થયરાણં ॥ સયંસંબુદ્ધાણં ॥ પુરિસુત્તમાણં પુરિસસીહાણં ॥ પુરિસવરપુંડરીઆણં ॥ પુરિસવરગંધહથ્થીણં ॥ લોગુત્તમાણં લોગનાહાણં ॥ લોગહિઆણં ॥ લોગપઇવાણં ॥ લોગપજ્જોઅગરાણં ॥ અભયદયાણં ॥ ચખ્ખુદયાણં ॥ મગ્ગદયાણં સરણદયાણં ॥ બોહિદયાણં ॥ ધમ્મદયાણં ધમ્મદેસિયાણં ॥ ધમ્મનાયગાણં ધમ્મસારહીણં ॥ ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ॥ અપ્પડિહયવરનાણં ॥ દંસણધરાણં ॥ વિઅટ્ટછઉમાણં ॥ જિણાણંજાવયાણં ॥ તિન્નાણંતારયાણં ॥ બુદ્ધાણંબોહયાણં ॥ મુત્તાણંમોઅગાણં ॥ સવ્વન્નૂણં સવ્વદરિસીણં ॥ સિંવ ॥ મયલમરૂઅમણંતમખ્ખય ॥ મવ્વાબાહ ॥ મપુણરાવિત્તિ ॥ સિદ્ધિગઇ ॥ નામધેયંઠાણંસંપત્તાણં ॥ નમોજિણાણં ॥ જિઅભયાણં જેઅઅઇઆ ॥ સિદ્ધા જેઅભવિસ્સંતિ ણાગએકાલે ॥ સંપઇઅવટ્ટમાણા ॥ સવ્વેતિવિહેણવંદામિ ॥

જાવંતિચેઈઆઈ.

જાવંતિચેઈઆઈ ॥ ઉઢ્ઢે અ ॥ અહે અ ॥ તિરિઅ-લોએ અ ॥ સવ્વાઇંતાઇંવંદે ॥ ઈહિંસંતો ॥ તથ્યસંતાઇં ॥

જાવંત કેવિસાહૂ.

જાવંત કેવિસાહૂ ॥ ભરહે રવય ॥ મહાવિદેહેઅ ॥ સવ્વેસિંતેસિં ॥ પણુઓ ॥ તિવિહેણુ ॥ તિદંડ ॥ વિરયા-ણું ॥

નમસ્કાર.

નમોઽર્હત્ ॥ સિદ્ધાચાર્યો ॥ પાધ્યાય સર્વસાધુભ્યઃ ॥

સુમતીનાથ મહારાજના તવનો.

સ્તવન ૧ લું.

રાગ પીલુ બરવો.

સુમતિનાથ દેવ સાચા હું જાણું;
સર્વથી જકતમાં સત્ય હું માનું. સુમતિનાથ. ટેક
ભકત તણા પ્રતિપાલન પ્રભુજી;
આશ ધરી ગાઉ ગુણનું ગાણું. સુમતિનાથ.
જે મહીમા આ જગમાં અતીશે;
સાચાદેવ હું સત્ય પરમાણું. સુમતિનાથ.

કારજ કરીયાં કોટી જનોના;
દુખ ટાળી સુખ દીધુ સામુ. સુમતિનાથ.
પ્રગટ થયા પ્રતિમાજી પોતે;
જીન ઇશ્વિર જુગદીશ પ્રણામુ. સુમતિનાથ.
છે આશ્ચર્ય કતી સૌ તમારી;
તમ ભક્તિ થકી સુખડુ માણુ. સુમતિનાથ.

સ્તવન ૨ જું.

લાવણી.

દેરાસર શોભીતુ રૂડુ, સુમતિનાથ તેમાં શોભે,
માતર ગામે મહીમા વધીઓ દર્શન કરવા મન લોભે.
ચમત્કાર કેવા આપીને સર્વે જનનું દુઃખ હર્યું;
સત્ય તણી બહુ સાખ્યો આપી સાચા દેવએ નામ ઠર્યું.
સતમાં સાચા સ્વામી સૌના સત્ય થકી સરવે માને;
અલબેલા દીસે છે ઉત્તમ ગુણ ગાય સર્વે ગાને.
એ પરમેશ્વર પરમ કૃપાળુ, પરનું દુઃખડું કાપે છે;
મન ઇચ્છીત ફળ માગ્યાં દેતા સહુને સુખડુ આપેછે.
દયા તણા ભંડાર દયાળુ, છે સૌના સાચા સ્વામી;
ગુણ પ્રસર્યા ગુજરાત મહીતો સર્વે રહે છે શીરનામી.
પરદેશી લોકો બહુ આવે, પુજા મોટી ભણાવે છે.
શ્રીફળ કેસર સરવે લાવે સ્વામીને સોહાવે છે.
વીધ વીધની આંગીઓ રચાવે, કાને કુંડળ સોહે છે;
કનક તણાં આભુષણ અંગે મનડું મારૂ મોહે છે.

દેરાસરની છબી જોઈને અંતર રાજી રહે મારૂં;
સ્વામીજીને શરણે જાતાં લાગે છે સૌને સારૂં.
રૂપ અનોપમ કેમ વર્ણવું ઇંદ્ર સરીખા રહે લાજી;
રહો અખંડ અવીનાશી અહીંયાં સદાય સેવકપર રાજી.

સ્તવન ૩ જું.

નીંબાવોરે આંબા અકેકી લાજ—એ રાગ.

સ્વામી મારા રે સુમતિનાથ સહાય. ટેક૦
પ્રગટ થઈને પ્રભુજી આપે કોટીક કામ કરાય. સ્વામી.
દુખ દારિદ્રજ દુર કરીને દીધાં ધનને ધરાય. સ્વામી.
પ્રગટ થયા પ્રભુ સુંજ મહીથી માતર માંહી મનાય. સ્વા.
આપ પ્રતાપે દેરાસર બાંધ્યું ઉડે છે ઊંચે ધ્વજાય. સ્વા.
જગમગ જ્યોત પ્રકાશે ઉત્તમ પુજન વિધ બહુ થાય. સ્વા.
સાચાદેવ છો આપ જકતમાં દર્શનથી હર્ખાય. સ્વામી.
કોટીકવાર પ્રણામ કરૂં છું નમુ હું પ્રભુને પાય. સ્વામી.

સ્તવન ૪ થું.

રાગ જંગલો ઝીંઝોટી તાળ દીપચંદી.
માહુ ન લગાડશો મૈયારી મદમાતીરે—એ રાગ.

સુંદર સ્વરૂપ શોભે સ્વામીજીનું સારૂં રે,
સાચાદેવ જાણીને હું ધ્યાન મહી ધારૂંરે. સુંદર૦
મહીમા અપાર એ પ્રભુજી કેરો દીસેરે,
મુખડુ જોઈને મારૂં મનડું તો હીસેરે. સુંદર૦
ક્રાનમાં કુંડળ જગમગ જ્યોત છાજેરે,

કેસર ચંદન પ્રભુ ભાલમાં બીરાજેરે. સુંદર૦
શરણુ જઇને સ્વામી શાંતી હું તો માગુરે,
વારે વારે સાચાદેવ હેરે પાયે લાગુરે. સુંદર૦
ઊલટ ધરીને પ્રભુ પુજન કોઈ કરશેરે.
સુંદર સુમતિનાથ સંકટ સૌ હરશેરે, સુંદર૦
વિનતી કરીને પ્રભુ માગુછું હું આવીરે.
શરણે રાખીને લોકોને જકતમાં નીભાવીરે. સુંદર૦

સ્તવન ૫ મું.

સાડેતીન પેસે એક મોતીના બેચુંગી—એ રાગ.

ધન્ય સુમતીનાથ સાચાદેવ તુનેરે. ટેક૦
સુંજ ગામમાં પ્રગટ થઇને આવ્યા માતર માંય,
પુરણ મેહેર કરીને સૌના દુખડાં ટાળ્યાં આંય. ધન્ય૦
ચારે ગમથી લોકો આવે જાત્રા કરવા કાજ,
શરણે આવી શોક નીવારે નીરખીને મહારાજ. ધન્ય૦
શ્રીફળ ફોફળ ચંદન કેસર ધુપ દીપ સૌ સાર,
લાવે લોકો હર્ષ ધરીને પુરણ રાખી પ્યાર. ધન્ય૦
તુજ દર્શનથી સ્વામી મારા ટળે દેહનાં દુખ,
સમરણ કરતાં સુખડુ પામે ભાગે ભવની ભુખ. ધન્ય૦
સત્ય આપનું જકત મહી છે સ્વામી અપરમપાર,
દર્શને આવે દુખ નીવારે કોટી નરને નાર. ધન્ય.

સ્તવન ૬ ઠું.

સિદ્ધાચળ શીખરે દીવોરે—એ રાગ.

છો સાચાદેવ સલુણારે, સુમતીનાથ સ્વામી મોટા.

તમ રૂપથી બહુ હરખેરે, સુમતીનાથ.
દેરાસર રૂડુ છાજેરે, સુમતીનાથ.
માંહી જગહળજ્યોત બીરાજેરે, સુમતીનાથ.
તમે અખીલભુવનના રાજારે, સુમતીનાથ.
આ જગત મહી મહારાજારે, સુમતીનાથ.
સહુ જનનું દુખડુ હરતારે, સુમતીનાથ.
સેવકને સુખડુ કરતારે, સુમતીનાથ.
સહુ લોકો દર્શન આવેરે, સુમતીનાથ.
બહુ વીધની પુજા ભણાવેરે, સુમતીનાથ.
કાનોમેં કુંડળ શોભેરે, સુમતીનાથ.
જોઈ જોઈને મનડુ લોભેરે, સુમતીનાથ.
તમો સુંદીરજી શામળીયારે, સુમતીનાથ.
છો જકત મહી બહુ બળીયારે, સુમતીનાથ.
ઘણો સંઘ ભરાયે ભારીરે, સુમતીનાથ.
આવે છે નરને નારીરે, સુમતીનાથ.
ધન્ય ભાગ્ય અમારૂ આજેરે, સુમતીનાથ.
દર્શન દીધાં મહારાજેરે, સુમતીનાથ.

જયવીયરાય.

જયવીયરાયજગગુરૂ, હોઉમમંતુહપભાવઓ; ભયવંભય નિવ્વેઓ. મગ્ગાણુસારિઆઇટ્ઠફલ, સિદ્ધિલોગવિરૂદ્ધચ્ચાઓ; ગુરૂજણપૂઆ. પરત્થકરણંચ, સુહગુરૂજોગો; તવ્વયણસેવણા.

આભવમખંડા, વારિજ્જઇજિણવિ; નિઆણબંધણં, વિયરાય તુહસમએ. તહવિમમહુજ્જસેવા, ભવેભવેતુમ્હચલણાણં; દુઃખખ્ખખ્ખઓ. કમ્મખ્ખઓસમાહિમરણં; ચબોહિલાભોઅ સંપજ્જઉ. મહએઅંતુહનાહ, પણામકરણેણંસર્વમંગલ; માંગલ્યં, સર્વકલ્યાણકારણં, પ્રધાનંસર્વધર્માણાં; જૈનંજયતિશાસનં.

અરિહંતચેઇઆણં.

અરિહંતચેઇઆણં, કરેમિકાઉસ્સગ્ગં; વંદણવત્તિઆએ પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ; સમ્માણવત્તિઆએ. બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ; સદ્ધાએમેહાએ. ધીઇએધારણાએ, અણુપ્પેહાએવઢ્ઢમાણીએ; ઠામિકાઉસ્સગ્ગં.

અન્નથ્થ ઉસસિએણં.

અન્નથ્થઉસસિએણં ॥ નિસસિએણં, ખાસિએણં, છીએણં ॥ જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં ॥ ભમલિએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિંઅંગસંચાલેહિં ॥ સુહુમેહિંખેલસંચાલેહિં ॥સુહુમેહીદ્દીસંચાલેહિં॥ એવમાઇએહિંઆગારેહિં ॥ અભગ્ગોઅવિરાહિઓ ॥ હુજ્જમેકાઉસ્સગ્ગો ॥ જાવ, અરિહંતાણં, ભગવંતાણં॥નમુક્કારેણં, નપારેમિતાવકાયં॥ઠાણેણં, મોણેણંઝાણેણં ॥ અપ્પાણંવોસિરામિ ॥

પછી એક નોકાર ગણી થોય કહેવી.

આદિ જિનની થોય.

આદિ જિનવર રાયા, જાસ સોવન્નકાયા, મરૂદેવીમાયા,

ધોરી લંછન પાયા, જગતસ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા કેવલ સિરિરાયા, મોક્ષ નગરે સધાયા ॥ ૧ ॥ સવિજન સુખકારિ, મોહમિથ્યા નિવારી, દુરગતિ દુઃખભારી, શોક સંતાપ વારી ॥ શ્રેણીક્ષપક સુધારી, કેવલાનંત ધારી, નમિએ નરનારી. જેહ વિશ્વોપકારી ॥ ૨ ॥ સમોવસરણ બેઠા, લાગે જે જિન મીઠા, કરે ગણપ પેઠા, ઈંદ્રચંદ્રાદિ દીઠા, દ્વાદશાંગીવરિઠા ગુંથતા ટાલે રિઠા, ભવિજન હોય હિઠા, દેખિ પુણ્યે ગરિઠા. સુર સમકિત વંતા, જેહ રિદ્ધે મહંતા, જેહ સુજન સંતા, ટાલિયે મુઝચિંતા, જિનવર સેવતા, વિઘ્ન વારે દુરંતા, જિન ઉત્તમ થુણંતા પદ્મને સુખદિંતા. ॥ ૪ ॥

ગૌતમઅષ્ટક છંદ.

વીર જીણેસર કેરો શીષ, ગૌતમ નામ જપો નિસદિન;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલશે નવે નિધાન. ૧
ગૌતમ નામે ગીરીવર ચઢે, મન વાંછીત પહેલાં સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સરવે સંજોગ. ૨
જે વેરી વીરૂવા વંકડા, તસ નામે નાવે ઢુંકડા;
ભુત પ્રેત નવી મંડે પ્રાણ, તે ગૌતમનાં કરૂ વખાણ. ૩
ગૌતમ નામે નિરમલ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જીણસાસન શીણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪
સાલ દાલ સુરહા ઘ્રત ઘોલ, મનવંછિત કાપડ તંબોળ;

ધરશુ ધરણી નિરમલ ચિત, ગૌતમ નામે પુત્ર વીનતિ. ૫
ગૌતમ ઉદ્યો અવીચળ ભાણ, ગૌતમ નામ જપો જગજાંણુ,
મોટા મંદીર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાંણુ. ૬
ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પોહોચે વંછિત કોડ;
મહીયલ માંને મોટા રાય, જો તુઠે ગૌતમના પાય. ૭
ગૌતમ પ્રણુમ્યા પાતીક ટલે, ઉતમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિરમલ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાંન. ૮
પુન્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણછે બહુ;
કહે લાવણ્ય સમે કરજોડ, ગૌતમ તુઠે સંપત કોડ. ૯

આરતી.

જયદેવ જયદેવ જય સુમતી સ્વામી. જય સુમતી. (૨)
કોટીકવાર નમુસ્કું તમને શીર નામી. જયદેવ૦
જીન ઇશ્વર જુગદીશ, તુજ પીતા માતા, (૨)
જીનવર ઉત્તમ એવા, શીવ સીધના દાતા. જયદેવ૦
કરીએ કોટી પ્રણામ, જય મંગળકારી, (૨)
ભય સંકટ નીવારી, ગુણ ગાયે નરનારી. જયદેવ૦
પાંચમા સુમતીનાથ, સહાય સદા કરજો; (૨)
આ અરજી ઉર ધરીને, સંકટ સૌ હરજો. જયદેવ૦
ભકિત કરૂં ભવનાથ, હું શેવક તારો, (૨)
ભવસાગરમાં ફરતાં હાથ ગ્રહો મારો. જયદેવ૦
નમી નમીને નાથ, પાય તને લાગુ, (૨)
વીનતી કરીને સ્વામી, માફી હું માગુ. જયદેવ૦

માતર ગામની માહ્ય. આપ બીરાજોછો, (૨)
શેવકને સુખ કરવા, ઇચ્છા રાખોછો. જયદેવ૦
સદા આપનો દાસ, આશ ધરૂ તારી, (૨)
મન ઇચ્છીત મુજ મનની, પુરી કરો મારી જયદેવ૦
લઘુજૈનપ્રવર્તક સભા નમે તમને, (૨)
શીલ સંતોષો આપો, હે ઇશ્વિર અમને. જયદેવ૦

આ કામમાં આગેવાન ગ્રહસ્થોના નામ.

દોહરા.

શેઠ કરમચંદ દેવચંદ, ચીરંજીવી તે જાણ;
બેહેચર મોતીચંદ છે, પંચ કરે પ્રમાણ.
વળી હઠીસંગ શેઠજી. પીતા મલુકચંદ નામ,
ભીખાલાલ અમથા વળી, માતરમાંજ મુકામ.
કાળીદાસ માનચંદ છે, બહુ બુધ ગુણવાન,
મદદ કરે આ કામમાં, સહાય થશે ભગવાન.
ધન્ય તમોને સૌ કહે, જીવ્યુ જગમાં જાણ;
બોહોતર કુળ અજવાળીયાં, રહેશે આ એંધાણ.
ધન ખરચી જશ લેઇને, કીધું ઉત્તમ કામ,
સભા કહેછે સર્વદા, રહેજો અવીચળ ઠામ.

समाप्त.

જાહેર ખબર.

સરવે ગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલા પુસ્તક અમારે ત્યાંથી રોકડી કીમતે મળશે. પાસ્ટેજ કાગળ લેવામાં આવશે નહીં.

સુભદ્રાહરણ નાટકના ગાયનો ૦—૧—૬

સુરસેન ચંદ્રકુમારી નાટક. ૦—૨—૦

શા. મોહનલાલ જેઠાભાઈ } ઠે. અમદાવાદમાં [illegible] ઝવેરીની પોળમાં

શા. વાડીલાલ હરીલાલ } ઠા. ગુસાપારેખની પોળમાં

અમુલ્ય લાભ.

स्थूलिभद्र चरीत्र अने नेम रा- जेमतीनो वियोग.

જેની ૧૦૦૦ નકલ નો આશરે ત્રણ દીનમાં ખપી ગઈ છે. જેના વખાણ કરવાની જરૂર નથી. આ ઉપરથીજ સમજી શકાય એમ છે કે જેની (૩) આવૃત્તિ ખપી ચુકી છે અને હવે ચોથી આવૃત્તિ અસાડ માસની પહેલીજ તારીખે બહાર પડશે આ આવૃત્તિમાં તમામ રાગોનો ફેરફાર કર્યો છે તેમાં અનુક્રમે [illegible] વીગેરે નવા નવા રાગો દાખલ કરવામાં આવ્યા છે જેથી આગલી કરતાં બે ફોરમની વધી, અને આનાનો લગભગ ત્રણ ફોરમ એટલે ૪૮ પુષ્ઠની થશે ગ્રાહક થનારે નીચેને સરનામે લખવું.

કીમત ટપાલખર્ચ જુદુ ૦—૨—૦

ટપાલખર્ચના પૈસા મોકલનારને ગ્રાહક સમજવા.

લી૦ સેવક

શા. જેશંગભાઈ મોતીલાલ.

ઠે. અમદાવાદ ફ. ચંપાગલીમાં.